**<u>મે. અમદાવાદ ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી ડી.એચ. ખંભાતી સાહેબ સમક્ષ.</u>**

**<u>રેફરન્સ (ટી) કેસ નં. ૧૭૬ / ૨૦૦૯</u>**

**<u>આંક-૨૧</u>**

**<u>પ્રથમ પક્ષકાર :-</u>** **૧. રેકસરોથ બોસ ગ્રુપ લી.,**
હે. એલ.એલ.એમ.માણેકલાલ કંપાઉન્ડ,
વટવા રેલ્વે ક્રોસીંગ પાસે, વટવા,અમદાવાદ.
**૨. એકવા માસ્ટર કલીન,**
 C/o રેકસરોથ બોસ ગ્રુપ લી.,
હે. એલ.એલ.એમ.માણેકલાલ કંપાઉન્ડ,
વટવા રેલ્વે ક્રોસીંગ પાસે, વટવા,અમદાવાદ.

**<u>-: વિરૂધ્ધ :-</u>**

**<u>બીજા પક્ષકાર :-</u>** **સાયરાબેન એમ.પઠાણ,**
હે. બી-૧૯, મોઈનપાર્ક, બીબી તળાવ,
વટવા,અમદાવાદ.
C/o કામદાર હિત રક્ષક યુનિયન,
હે.૧૦, જીવીબા કોમ્પલેક્ષ, ઘોડાસર રેલ્વે ક્રોસીંગ પાસે
ઘોડાસર,અમદાવાદ.

..........................................................................................

**<u>પ્રતિનિધીઓ:-</u>**

| | | |
|---|---|---|
| પ્રથમ પક્ષકાર નં-૧ તરફે | :- | શ્રી ડી.બી.વકીલ. |
| પ્રથમ પક્ષકાર નં-૨ તરફે | :- | શ્રી પી.પી.ઝવેરી. |
| બીજા પક્ષકાર તરફે | :- | શ્રી સત્યવાન આદિશ્વર. |

..........................................................................................

**<u>- : : એવોર્ડ : : -</u>**

૧) ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી.એકટની કલમ ૧૦(૧) (સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી,

અમદાવાદે તેમનાં હુકમ ક્રમાંક: કેએચ/એસ.એચ.એમ.સી/આર/ −/એજે/−/આઈડીઆર/વુ.૫૬/૨૦૦૮ થી મજુર અદાલત અમદાવાદ ને ન્યાય−નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે સાયરાબેન એમ.પઠાણને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

૩) આ કેસમાં હવે પછી સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સામાવાળા તરીકે તથા બીજા પક્ષકારને અરજદાર તરીકે સંબોધવામાં આવશે.

૪) આ કામે અરજદાર તરફે આંક−૩ થી તેમના વિધ્વાન પ્રતિનિધિશ્રીનો અધિકાર પત્ર રજુ કરવામાં આવેલ છે તેમજ આંક−૪ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. આ કામે પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરતાં સામાવાળા સંસ્થાને રજી.પોસ્ટ એ.ડી. થી નોટીસની બજવણી કરવામાં આવતા સામાવાળા નં−૧ તરફે આંક−૫ થી તથા સામાવાળા નં−૨ તરફે આંક−૧૧ થી તેમના વિધ્વાન વકીલશ્રીનું વકાલાતનામું રજુ કરવામાં આવેલ છે અને આંક−૧૩ થી અને આંક−૧૮ થી અરજદારના માંગણાના નિવેદનનો લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક−૨૦ થી વથડ્રો પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

૫) આ કામે અરજદારના વિધ્વાન પ્રતિનિધિશ્રીએ આંક−૨૦ ની વથડ્રો પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, બન્ને સામાવાળા સંસ્થાઓએ કામદારને નોકરીની સળંગ સર્વિસ ગણીનેસ આજદીન સુધીની ગ્રેજયુઈટીની રકમ નામ. લેબર કોર્ટમાં તા.૧૩/૭/૨૦૧૯ થી દિન−૧૫ માં જમા કરાવશે અને જે કામદાર નામ.કોર્ટમાંથી મેળવી લેશે. ગ્રેજયુઈટીની રકમ સામાવાળા સંસ્થાઓ તરફથી ચુકવી આપશે તે શરતે આજરોજ સદર

કામ પરત ખેંચવાની પરવાનગી માંગતા તે મુજબની પરવાનગી આપવામાં આવેછે.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

**૧)** હાલનો રેફરન્સ કેસ આ કામે આંક-૨૦ થી રજુ વિથડ્રો પુરસીસ મુજબ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**અમદાવાદ.**
**તા.૧૩/૭/૨૦૧૯.**

**( દિપક હસમુખભાઈ ખંભાતી )**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત , અમદાવાદ.**
**(જી.જે.૦૦૮૬૬)**